અપીલ અરજી નં.૩૭૯ તા.૩–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સૈયદ સાબીર અલી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈયદ સાબીર અલીની તા.૧૮–૧–૧૧ની અરજીથી માંગેલ માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૩–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૯/૨૦૧૦–૧૧.

શ્રી સૈયદ સાબીર અલીની તા.૧૮–૧–૧૧ની અરજીથી માંગેલ માહિતી આપવા બાબતે માહિતી કે કોઈ પ્રતિભાવ નહીં મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૧૩ તા.૧૪–૩–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતીની વિગતો, ફી ભર્યાની વિગત તથા જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી મળેલ કે નહીં મળેલ અને નારાજગીની વિગતો સ્પષ્ટ કરેલ ન હોઈ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/ આરટીઆઈ/ એઆરડી/૧૯૩૦ તા.૨૯–૩–૧૧ થી અરજદારને પાઠવેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૬–૩–૧૧ ના રોજ પૂરક વિગતોમાં અરજી ફી ની વિગત, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૪૬૩ તા.૧૯–૧–૧૧ થી મુદ્દા નં.૨ અંગે ઈ.ચા. પ્રોજેકટ યુસીડીને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) તરફથી અરજદારને આપેલી માહિતી અંગે યુસીડી/ ૧૩૯૨ તા.૧–૨–૧૧ થી આપેલ પત્રની નકલ તથા માંગેલી માહિતીની વિગતો પૂરી પાડેલ છે તેની વિગતો અરજદાર તરફથી મળેલ છે પરંતુ મુળ અરજીની નકલ રજૂ કરેલ નથી. જેથી વિગતોના આધારે અપીલનો નિકાલ કરવામાં આવેલ છે.

અરજદારની તા.૧૮–૧–૧૧ ની અરજીથી એસેસમેન્ટ વિભાગની એસેસમેન્ટ નકલો ગાઈડ લાઈન નિતિ નિયમો અને પેટા નિયમો અને વોર્ડ નં.૬ થી ૧૨ ના કર્મચારીઓ બાબતેની વિગતો માંગતી મુદ્દા નં.૧ થી ૪ ની અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૬૩ તા.૧૯–૧–૧૧ થી ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર યુસીડીને તબદીલ કરવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારને નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ ન મળતાં તા.૩–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી યુસીડી તરફથી પત્ર નં.યુસીડી/૧૩૯૨ તા.૧–૨–૧૧ થી તથા જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/એઆરડી/૧૯૩૦ તા.૨૯–૩–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૧ એસેસમેન્ટની નકલો એક ફોર્મમાં કુલ કેટલી નકલો તથા કેટલા વર્ષની નકલો કઢાવી શકાય. જેની પ્રમાણિત નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી એસેસમેન્ટની નકલો એક ફોર્મમાં કેટલાં ટેના. નંબરની અને કેટલા વર્ષની કઢાવી શકાય તે અંગેના દફતરોના પ્રમાણિત નકલો આપવા અંગેના પેટા નિયમો ઉપલબ્ધ છે જેની નકલ આ સાથે નિયત મુદત પૂર્ણ થયેલ હોવાથી વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે. તેવું જણાવેલ છે. પરંતુ નકલ અત્રે અપીલ તબકકે રજૂ કરેલ નથી. મુદ્દા નં.૨ યુસીડીની સંપૂર્ણ ગાઈડ લાઈનની રેકર્ડની પ્રમાણિત નકલની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) કક્ષાએથી યુસીડી/ ૧૩૯૨ તા.૧–૨–૧૧ ના રોજ અરજદારની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી મુજબ યુસીડી વિભાગની અમલીકૃત યોજનાઓની જાણકારી આપતું લીફલેટ અરજદારને પુરું પાડવામાં આવેલ છે. વધુમાં સદર માહિતી/માર્ગદર્શન માટે યુસીડી કચેરી ધાસ્તીપુરા, વરીયાવી બજાર, સુરત ખાતે ઓફિસના કામ કાજ દરમ્યાન રૂબરૂમાં સંપર્ક કરવા જણાવેલ છે. મુદ્દા ન.૩ એસેસમેન્ટ વિભાગના ગાઈડ લાઈનની સંપૂર્ણ નિતી નિયમો , પેટા નિયમોની સંપૂર્ણ માહિતીની પ્રમાણિત નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧–૪–૦૮ થી દાખલ કરવામાં આવેલ એરીયાબેઈઝ મિલ્કતવેરા પધ્ધતિની સરળ સમજ આપતું પત્રક આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. પરંતુ નકલ અત્રે અપીલ તબકકે રજૂ કરેલ નથી. હાલમાં સેન્ટ્રલઝોનના ઝોનલચીફ તરીકે શ્રી એમ ડી. દારૂવાલા ફરજ બજાવે છે જેમનો મોબાઈલ નં.૯૭૨૪૩૪૫૨૦૩ છે. જયારે કાર્યપાલક ઈજનેર તરીકે શ્રી એન. કે. પરમાર અને શ્રી જતીનભાઈ દેસાઈ ફરજ બજાવે છે જેમનો મોબાઈલ નં.૯૭૨૪૩૪૫૨૧૪ અને ૯૭૨૪૩૪૫૨૧૬ છે. મુદ્દા નં.૪ સેન્ટ્રલઝોનના એસસમેન્ટ વિભાગનાં વોર્ડ નં.૬ થી ૧૨ ના સર્વેયરો કેટલા સમયથી જે તે વોર્ડમાં છે તેની સંપૂર્ણ માહિતી તથા તેમના નામો, કર્મ.નંબર, મોબાઈલ નંબર તથા તેમના વડા ઉપવડા સહિતની સંપૂર્ણ પ્રમાણિત નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી (૧) શ્રી ધનસુખભાઈ એન. જરીવાલા કર્મ નં.૧૦૯૮૩ વોર્ડ નં.૬ તા.૧–૫–૦૭ ના રોજ ફરજ બજાવેલ છે. (૨) શ્રી કિરીટ

તગડીયા કર્મ નં.૧૧૧૯૪ વોર્ડ નં.૭ તા.૨–૬–૧૦ ના રોજથી ફરજ બજાવેલ છે. (૩) શ્રી કે. એન. કાપડીયા કર્મ. નં.૧૦ ૪૭૦ વોર્ડ નં.૮ તા.૬–૧–૧૧ ના રોજથી ફરજ બજાવેલ છે. (૪) શ્રી ધનસુખ શાહ કર્મ નં.૧૧૯૯૬ વોર્ડ નં.૯ તા.૯–૯–૧૦ ના રોજથી ફરજ બજાવે છે. (૫) શ્રી કે.બી.રાણા કર્મ નં.૪૬૯૦ વોર્ડ નં.૧૦ તા.૯–૯–૧૦ ના રોજ ફરજ બજાવેલ છે. (૬) શ્રી ડી.એચ.જેકબ કર્મ નં.૧૧૯૧૮ વોર્ડ નં.૧૧ તા.૨–૬–૧૦ ના રોજથી ફરજ બજાવેલ છે. (૭) શ્રી જયેશ એન. કાપડીયા કર્મ નં.૧૦૯૧૬ વોર્ડ નં.૧૨ તા.૧૭–૪–૧૦ ના રોજથી ફરજ બજાવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે યુસીડી કચેરી તરફથી ફકત લીફલેટ આપેલ છે પરંતુ ગાઈડ લાઈન આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી યુસીડી કક્ષાએથી વધુ વિગત માટે રૂબરૂ સંપર્ક કરવાનો પ્રસ્તાવ પણ કરેલ છે તે સૂચક છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી જાહેર માહિતી અધિકારી (યુસીડી) .....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સૈયદ સાબીર અલી,